અપીલ અરજી નં.૨૭૫ તા.૪–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી (૧) જાહેર રોડ ખોદવા માટે પરવાનગી આપવામાં આવે છે તેની સંપુર્ણ માહિતી તથા પરવાનગી આપનાર અધિકારીઓના હોદ્દા સહિતની માહિતી ભેસ્તાન રોડ ઉપર ત્રણ રસ્તા પર ધણા સમયથી ખોદાણ કરેલ રોડની માહિતી વિ.મુદ્દા નં.૧ થી૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૫/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી (૧) જાહેર રોડ ખોદવા માટે પરવાનગી આપવામાં આવે છે તેની સંપુર્ણ માહિતી તથા પરવાનગી આપનાર અધિકારીઓના હોદ્દા સહિતની માહિતી ભેસ્તાન રોડ ઉપર ત્રણ રસ્તા પર ધણા સમયથી ખોદાણ કરેલ રોડની માહિતી વિ.મુદ્દા નં.૧ થી૩ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૫ તા.૭–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૩ માં મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સાઉથઝોન ઉધના ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) જાહેર રોડ ખોદવા માટે પરવાનગી આપવામાં આવે છે તેની સંપુર્ણ માહિતી તથા પરવાનગી આપનાર અધિકારીઓના હોદ્દા સહિતની માહિતી ભેસ્તાન રોડ ઉપર ત્રણ રસ્તા પર ધણા સમયથી ખોદાણ કરેલ રોડની માહિતી . મુદ્દા નં.(૨) ભેસ્તાન સણીયારોડ અગાઉ બનાવેલ તેનો ખર્ચ, ટેન્ડર, કોન્ટ્રાકટર અને સમય મર્યાદા તથા રોડ તૂટવાની અવધિ વિગેરેની સંપૂર્ણ માહિતી હાલમાં રોડ બનાવવાના આયોજનમાં હોય તો તેની માહિતી. મુદ્દા નં.૩ નાયબ આરોગ્ય અધિકારી સાઉથઝોન ઉધનાને તા.૧૧–૧૦–૧૦ મ્યુ. કમિ.શ્રી તથા આરોગ્ય અધિકારીને તા.૧૪–૧૦–૧૦ ના રોજ કરેલી લેખિત રજૂઆત અરજી બાબતે થયેલ કાર્યવાહીની માહિતી અને કાર્યવાહી ન થયેલ હોય તો જવાબદાર અધિકારીઓના હોદ્દા અને નામની માહિતી.પૂરી પાડવા માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૫૬૧ તા.૨–૧૧–૧૦ થી મુખ્ય કારોબારી અધિકારી સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી સુડા ભવન, નાનપુરા, સુરતને મુદ્દા નં.૩ ના પેટા મુદ્દા નં. ૨ તથા ૪ માટે તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે અરજીની તારીખ અને તબદીલ પત્ર નં. સા.ઝોન/ટેક./આ.નં.૫૬૧ તા.૨–૧૧–૧૦ થી નારાજ થઈ તા.૪–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા સુડાને અરજી તબદીલ કરેલ છે.પરંતુતેમણે પોતે આપવી જોઈતી માહિતી કોઈ પણ આપેલ નથી. અને સુડાને કયા મુદ્દાઓ કઈ રીતે તબદીલીમાં આપેલ તેની વિગતો ન આપેલ હોવાથી અપીલ અરજી કર્યાનું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાર્યવાહીની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ તબદીલ અરજીમાં માહિતીના મુદ્દા નં.૩ પેટા નં.૨ તથા મુદ્દા નં.૪ ની માહિતી બાબતે સુડાને તબદીલ કર્યાનું જણાવેલ છે. જો આ માહિતીનો રેકર્ડ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ વખતે મેળવવામાં આવેલ છે કે કેમ?જો તે મેળવવામાં આવેલ હોય તો તે અંગેની માહિતી સુરત મહાનગરપાલિકાના સત્તા મંડળે પૂરી પાડવાની રહે. અથવા તો તેવી માહિતી મળેલ નથી તેવી વિગત જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે. આ સિવાય ના મુદ્દા નં.૧ અને ૩ ની નહીં પૂરી પાડેલી માહિતી જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પાડવાની રહે.પરંતુ તે અંગે કોઈ સ્પષ્ટતા જાહેર માહિતી અધિકારીએ કરેલ નથી કે સ્વયંના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી પુરી પાડેલ હોય તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજુ કરેલ નથી .

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં. ૧ અને ૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલી ન હોઈ કે ,અન્ય સત્તા મંડળને તબદીલ પણ થયેલ ન હોઈ બંન્ને મુદ્દાને દફતરી ઉપલબ્ધ વિગતોની માહિતી ઉપલબ્ધ દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે

અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.સુડાને તબદીલ થયેલ અરજી અંગેની અપીલ અરજદારે સુડા કચેરીને કરવી રહી તે માટે તેમ કરવા અરજદાર સ્વતંત્ર છે.

વધુમાં અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરવાની જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ